અપીલ અરજી નં.૨૧૫ તા.૧૭–૧૦–૦૮

અરજદારઃ શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)

## ***હુકમઃ–***

***વિષય :***–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા ની તા.૩૦–૯–૦૮અરજીથી વેસ્ટઝોન વિભાગ હેઠળના નહેરૂપુલ તથા મકકાઈ પુલના છેડાની રેલીંગો સાથે કેટલા લોકોને પાકી દુકાનો, પતરાની કેબિનો અને લારીઓ ઉભી કરી ધંધો કરવાની મંજુરી આપવામાં આવી છે? જે અંગે માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૧૭–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૫/૨૦૦૮–૦૯

શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા ની તા.૩૦–૯–૦૮અરજીથી વેસ્ટઝોન વિભાગ હેઠળના નહેરૂપુલ તથા મકકાઈ પુલના છેડાની રેલીંગો સાથે કેટલા લોકોને પાકી દુકાનો, પતરાની કેબિનો અને લારીઓ ઉભી કરી ધંધો કરવાની મંજુરી આપવામાં આવી છે? જે અંગે માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.આરટીઆઈ/આ.૧૩૬ તા.૧૦–૧૦–૦૮ થી અગત્યની માહિતી છુપાવી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૬ તા.૨૩–૧૦–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી. પરંતુ અરજદારને પૂરી પાડેલ તા.૧૦–૧૦–૦૮ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારે તા.૩૦–૯–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહેરૂપુલ તથા મકકાઈ પુલના છેડાની
રેલીંગો સાથે કેટલા લોકોને પાકી દુકાનો, પતરાની કેબિનો અને લારીઓ ઉભી કરી ધંધો કરવાની મંજુરી આપવામાં આવી છે? તે અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પૂરી પાડવામાં આવેલ છે. જેમાં મંજુરી આપવામાં આવેલ હોવાનું જણાતું નથી તેવું જણાવેલ છે. અરજદારે મુળ અરજીમાં દુકાનો,કેબીનો ગેરકાયદેસર હોય તો તે દુર કરવા કરાયેલ કામગીરીની માહિતી માંગેલ છે. જે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલ નથી.
જે અંગે અરજદારે અપીલ કરેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૩૦–૯–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી ગેરકાયદેસર હોય તો દુર કરવા કરાયેલ કામગીરીની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પડાયેલી ન હોવાથી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી આરટીઆઈ કાયદાની કલમ –૭ (૬) હેઠળ વિના મૂલ્યે સદર માહિતી અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવેલ છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી, રાંદેર ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી જીતેન્દ્ર બચુભાઈ પાનવાલા